ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




(તસવીર : દિપક જાની)









નગરના માર્ગો આજકાલ સેવા અને ભક્તિથી મઘમઘ છે... ગાંધીનગરના ચારેય મુખ્ય માર્ગો પર અંબાજીના પદયાત્રીઓ માટે સેવા કેન્દ્રો પૂરજોશમાં ચાલી રહ્યા છે... હજારો ભાવિકો માટે ન્હાવા-ધોવાની, આરામ અને નાસ્તા ભોજનની, ચા-કોફીની સહિત વિવિધ પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવવા નગરના સેવાકીય નાગરિકો અને સંસ્થાઓ પ્રતિવર્ષ કરતાં વર્તમાન વર્ષે મોટી સંખ્યામાં કાર્યરત બન્યા છે....

# આવાસોના બાકી ભાડુઆતો પાસેથી એક કરોડની વસુલાત

## એરફોર્સને ફળવાયેલા ૯૬૪ મકાનોનો પણ સમાવેશ

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં સરકારી આવાસોના બાકી ભાડા અન્વયે તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. આ પૈકી અરફોર્સના જવાનોને ફાળવવામાં આવેલા ૯૬૪ મકાનોનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ સરકારી મકાનો અન્વયે ભાડા વસુલાતની કામગીરી વધુ ઝડપી અને પારદર્શક બનાવવાના પ્રયાસો આરંભી દેવાયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં શહેરના સરકારી આવાસોમાં પેટા ભાડુઆતોનો વસવાટ હોવાની હકીકત પ્રકાશમાં આવ્યા બાદ તંત્ર આ મામલે વધુ જાગ્રત થયું છે. જયારે અગાઉ પણ નિવૃત્તિ કે અવમાનના કિસ્સામાં આવાસમાં ગેરકાયદેસર વસવાટ ધરાવતા કેસો સંદર્ભે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ તબક્કાવાર આ મકાનો ખાલી કરાવી દેવાયા હતા. શહેરમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણનું કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે પાટનગર યોજના ભવનની ભાડા વસુલાત શાખાને પણ કોમ્પ્યુટરાઈઝ કરવા નિર્ણય લેવાયો છે. બીજી તરફ સરકારી આવાસોમાં નિયમિત ભાડુ ન ચુકવતા હોય તેવા કબજેદારોને પણ તંત્ર દ્વારા નોટીસ ફટકારી ભાડાની રકમ વસુલવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિભાગના અંતર્ગ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ભાડા વસુલાત શાખા દ્વારા બાકી ભાડુઆતો પાસેથી રૂ. ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે એરફોર્સના જવાનોને ફાળવવામાં આવેલા ૯૬૪ મકાનોનો પણ સમાવેશ થાય છે.

# આવાસના હેતુફેર બદલ ૬૧ સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ

## મકાન ફાળવણી ભાડા વસુલાત સહિતની કામગીરી કોમ્પ્યુટરાઈઝ્ડ કરવા આઉટ સોર્સિંગની મદદ લેવાશે

ગાંધીનગર, તા. ૨૫

સરકારી આવાસના ઉપયોગમાં હેતુફેર તેમજ ભાડુ ભરપાઈ ન કર્યું હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા ૬૧ સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

પાટનગર યોજના વિભાગ કક્ષાએથી અગાઉ સરકારી આવાસના ઉપયોગમાં હેતુફેર થતો હોય તેવા કિસ્સાઓ ચકાસવા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ દરમિયાન શહેરની વિવિધ સંસ્થાઓને ફળવાયેલા મકાનોના ઉપયોગમાં હેતુફેર થતો હોવા સહિત ભાડુ બાકી હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. જ્યારે આ દરમિયાન બાકી ભાડુઆત અને હેતુફેર થયો હોય તેવા ૬૧ કેસોમાં સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ આ સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જે હેતુથી સરકારી આવાસની ફાળવણી કરવામાં આવી હોય તેનાથી વિપરિત અન્ય હેતુસર મકાનનો ઉપયોગ થતો હોવાની હકીકતને ધ્યાને રાખી સંસ્થાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં હજારો આવાસોની ફાળવણી તેમજ ભાડુ વસુલવા સહિતની સઘળી કામગીરીને વધુ પારદર્શક બનાવવા તંત્ર દ્વારા આઉટસોર્સિંગની મદદથી કામગીરીને ઓનલાઈન કરવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. જેના આધારે આગામી દિવસોમાં આંગળીના ટેરવે આવાસોની માહિતી જાણી શકાસે.

# જીએસપીસી ગેસ કંપની દ્વારા ઔદ્યોગિક ગેસના ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા.૨૫

જીએસપીસી ગેસ કંપની લિમિટેડ દ્વારા તેઓના ઔદ્યોગિક ગ્રાહકોના ગેસની મૂળ કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. તે પ્રમાણે હાલના ભાવ રૂપિયા ૨૯.૭૦ પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબીક મીટરથી રૂપિયા ૨૯.૨૦ પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર જેટલો ઘટાડો કરવામાં આવશે. આ ભાવ ઘટાડો ૧ ઓકટોબર ૨૦૧૨થી અમલમાં આવશે. ગેસના ભાવમાં થયેલા ઘટાડાનો ફાયદો ગુજરાત રાજયમાં વિવિધ સ્થળો પર આવેલા જીએસપીસી ગેસના ૧૭૦૦ જેટલા ઔદ્યોગિક વપરાશકર્તાઓને મળશે.







(તસવીર : દિપક જાની)

નગરના માર્ગો માઈભક્તોની ચરણરજથી પાવન બની રહ્યા છે... રોજ હજારો ભાવિકો અંબાજી દર્શને ગાંધીનગરથી પસાર થઈ રહ્યા છે. અમદાવાદ, ખેડા, વડોદરા જિલ્લાના ભાવિકો મોટી સંખ્યામાં ગાંધીનગરના વિવિધ માર્ગો પર રાસ-ગરબા અને માતાજીની સ્તુતિ કરતાં કરતાં પ્રયાણ કરી રહ્યા છે... વહેલી સવારે અને મોડી સાંજે નગરના મુખ્ય માર્ગો ભક્તિના ભાવસભર વાતાવરણથી પાવન બની જાય છે... બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષો સાથે માતાજીના રથ અને ધજાઓ સાથેના સંઘને જોવાનો પણ એક લ્હાવો હોય છે...

# વેરા વસુલાતના મામલે સેક્ટરોમાં નાગરિકોની સભા બોલાવાશે

## લોકજાગૃતિ કેળવવા પત્રિકાનું વિતરણ કરાશે : વેરા વસુલાત સ્થગિત કરવા સામુહિક રજૂઆત કરવા નિર્ણય

ગાંધીનગર, તા. ૨૫

મિલકતવેરો વસુલવાની કાર્યવાહી સ્થગિત કરી આ મામલે પુનઃ સર્વે હાથ ધરવાની ઉગ્ર માંગ સાથે નગરજનોમાં જાગૃતિ લાવવા સેક્ટરોમાં પત્રિકા વિતરણ અને નાગરિકોની સભાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના પદાધિકારીઓની આજે મળેલી બેઠક દરમિયાન આ નિર્ણય લેવાયો છે.

ગાંધીનગરમાં વચનભંગ અને છેતરપીંડી કરીને મહાનગરપાલિકા દ્વારા આડેધડ આકારણીના બિલો ફટકારી મિલ્કતવેરો વસુલવામાં આવતા નગરના જાગૃત નાગરિકોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. વેરા વસુલાતના મામલે ગંભીર અનિયમિતતાઓ ધ્યાને આવતા શહેરીજનોના હીતને મધ્યનજર રાખી નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધી મુખ્યમંત્રીથી લઈ મેયર સુધીના સત્તાધીશો સમક્ષ મહત્વના મુદ્દાઓ સંદર્ભે રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં આ મામલે કોઈ નક્કર નિર્ણય લેવાયો નથી. જેને અનુલક્ષી વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ દ્વારા આ મામલે લોકજાગૃતિ કેળવવા નવતર આયોજન કરવામાં આવ્યું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠક દરમિયાન વિવિધ સંસ્થાના અગ્રણીઓ લવજીભાઈ વાડીયા, લત્તાબેન ચોકસી, ચેતના બૂચ, જયંતભાઈ ભટ્ટ, રજુજી ગોલ, શી.દે. ગોસ્વામી, રાજેન્દ્ર પારેખ, રવિન્દ્ર દવે, એસ.ડી.આર. મલિક સહિતના આગેવાનો દ્વારા આ અંગે વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નગરજનોમાં આ મામલે જાગૃતિ લાવવા પત્રિકાનું વિતરણ કરવા ઉપરાંત સેક્ટરોમાં નાગરિકોની સભા બોલાવવા નિર્ણય લેવાયો હતો. વધુમાં મિલકતવેરાના સંદર્ભમાં નાગરિકોની વાંધા અરજીઓની ચોક્કસ વિગતો મેળવી તેનું સંકલન કરી યોગ્ય રીતે સામુહીક રજૂઆત કરવાનું પણ આયોજન કરાયું હતું. જ્યારે રજૂઆતના અંતે પણ યોગ્ય ઉકેલ ન આવે તો ભવિષ્યમાં જલદ કાર્યક્રમ આપવાની પણ જાગૃત નાગરિકોએ ચિમકી ઉચ્ચારી છે.



સેવા અને ભક્તિની સાથે સાથે પર્યાવરણ જાળવવાની પણ નાગરિકની જવાબદારી છે... આજકાલ સેવા કેન્દ્રોમાં સેવાની ભાવના વધતી જાય છે... સમાજ માટે એ સારી બાબત છે. આવતીકાલની સદ્દભાવનાની નિશાની છે. પરંતુ જવાબદાર નાગરિક તરીકે, જવાબદાર સંસ્થાન તરીકે સેવા કેન્દ્રના કચરાના નિકાલની વ્યવસ્થા પણ ગંભીરતાથી વિચારવી જોઈએ. આજકાલ ગાંધીનગરથી અંબાજી સુધીના માર્ગો પર સેવા કેન્દ્રોની આસપાસ પ્લાસ્ટીક, પાઉચ, ડીશ, પેપર કપ, અને પેપરના પડીયા, પાણીની બોટલો ઠેરઠેર પડેલી જોવા મળે છે. માત્ર ગંદકી જ નહિ પણ પર્યાવરણમાં અસંતુલાનિર્માણ થાય છે. કેટલાક પર્યાવરણ પ્રેમીઓ પદયાત્રીઓની પાછળ પાછળ સ્વચ્છતા માટે અભિયાન કરે છે. જે અભિનંદનીય છે.. પરંતુ આ અભિયાન કરવાની જરૂરિયાત ન પડે તેવી રીતનું વર્તન દરેક પદયાત્રીનું અને દરેક સેવા કેન્દ્રના સંચાલકનો અભિગમ હોવો જોઈએ. સ્વચ્છતા ત્યાં પ્રભુતા એ માત્ર એક વિધાન નથી પણ આપણાં સંસ્કાર છે. પરમેશ્વર ત્યાં જ પ્રગટ થશે કે જ્યાં સ્વચ્છતા હશે, જ્યાં પવિત્રતા હશે. એટલે જ સૌ પદયાત્રીઓ પર્યાવરણ જાળવણીના પણ સ્વંય સેવક બની મા-પૃથ્વીની સેવા કરે એવી ભાવનાની અત્યંત આવશ્યકતા છે. (તસવીર : દિપક જાની)

# ગુજરાતમાં પાછોતરા વરસાદના ગ્રહયોગ

## ૨૬ સપ્ટેમ્બરથી ૧૦ ઓકટોબર સુધી વંટોળ સાથે વરસાદની વકી

ગાંધીનગર, તા.૨૫


જાણીતા જયોતિષવિદ અને ખગોળના જાણકાર અંબાલાલપટેલે આગામી માસમાં વંટોળ સાથે વરસાદ પડવાના યોગ હોવાની ગ્રહોની સ્થિતિ જણાવી છે. તા. ૨૬સપ્ટેમ્બરથી ૧૦મી ઓકટોબર સુધી ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ પડવાની શકયતાને નકારી શકાય તેમ નથી તેવું તેમણે જણાવ્યું છે.

આગામી સમયમાં વંટોળ સાથે વરસાદ પડવાના યોગ છે. સપ્ટેમ્બર તા. ૨૬ થી ઓકટોબર તા. ૧૦ સુધી વરસાદના યોગો છે. તા. ૨૬ સપ્ટેમ્બરથી હસ્તનક્ષત્રમાં સૂર્ય આવતા ભારે ગડગડાટ સાથે ગુજરાત-સૌરાષ્ટ્રના કોઈ કોઈ ભાગોમાં વરસાદ થવાની વકી રહે જયારે સપ્ટેમ્બર તા. ૩૦ થી ઓકટોબર તા. ૧૦ વચ્ચેના સમયગાળામાં ગાજવીજ સાથે ઘણા ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. ગ્રહોના પ્રતિયોગો તેમજ રાશિ ફેરફારીના યોગો અને ઉદયના યોગો જોતા તેમજ ભૂ-ભૌગોલિક કારણો તપાસતા સપ્ટેમ્બર તા. ૩૦થી ઓકટોબર તા. ૪માં દરિયામાં ઉંચા મોજા ઉછળે અને હાથીઓ ગાજવીજ સાથે વરસી આવતું ચોમાસું સારું જવાનો કોલ આપે. સપ્ટેમ્બર તા. ૨૯ થી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા કે ઠંડકનો વરસાદ થાય અને ઓકટોબરની શરૂઆતમાં રાજયના ઘણા ભાગોમાંથી વિદાય લેતા ચોમાસા વચ્ચે પણ હસ્તનક્ષત્રમાં વરસાદ થવાના યોગો છે. કચ્છ-સૌરાષ્ટ્રના ભાગોમાં ગરમીનો પારો ઉંચો જાય તેમ તેમણે જણાવ્યું છે.










ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧
ફોન-૨૩૨૩૭૫૭૧




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com